# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૧૭-૦૧-૨૦૧૨</u>**

- **સુપ્રિમ કોર્ટમાં એસ્સાર કંપની હારી જતાં રાજ્યની તિજોરીને રૂ. ૯,૧૦૦ કરોડનો ફાયદો.**
- **રાજ્ય સરકાર અને એસ્સાર કંપનીની મીલીભગત કોંગ્રેસ પક્ષે વિધાનસભામાં જ ખુલ્લી પાડી હતી.**
- **કોંગ્રેસ પક્ષના દબાણ નીચે સરકારે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવાની ફરજ પડી હતી.**
- **રાજ્ય સરકારે બદઈરાદાથી હાઈકોર્ટ સમક્ષ પ્રોત્સાહક પોલીસીની સત્ય હકીકત છુપાવી હતી.**
- **રાજ્ય સરકારની મીલીભગતના કારણે હાઈકોર્ટમાં એસ્સાર કંપની જીતી હતી.**
- **કોંગ્રેસ પક્ષના જાગૃત અને રચનાત્મક વિરોધના કારણે રાજ્ય સરકારની તિજોરીને ૯,૧૦૦ હજાર કરોડ રૂપિયાનો ફાયદો.**

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી શરમજનક રીતે પોતાના માનીતા ઉદ્યોગપતિઓને મદદરૂપ થઈ રહ્યા છે. સુપ્રિમ કોર્ટે આજે એસ્સાર ગ્રુપને ૯,૧૦૦ કરોડ રૂપિયાના લાભો જે ગુજરાતની સરકાર આપવા માંગતી હતી તેને રદ્દબાતલ કરેલ છે. ગુજરાત સરકાર મીલાપીપણાથી સાચી હકીકત છુપાવીને એસ્સાર કંપનીની જામનગર ખાતેની રીફાઈનરીને ૯,૧૦૦ કરોડ રૂપિયાનો ફાયદો આપવા માંગતી હતી, પરંતુ, કોંગ્રેસ પક્ષની સમયસરની વિધાનસભામાં થયેલી રજૂઆતને કારણે પ્રજાની તિજોરીને થતું નુકસાન અટકી શક્યું છે.

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અમો વારંવાર કહીએ છીએ કે, ગુજરાત સરકાર પોતાના માનીતા પાંચ ઉદ્યોગપતિઓને મદદરૂપ થાય છે અને પાંચ કરોડની જનતાની ચિંતા કરતી નથી. તે અમારી વાત આજે સુપ્રિમ કોર્ટના હુકમથી પ્રમાણિત થઈ છે. કોંગ્રેસ પક્ષની વિધાનસભામાં ધારદાર રજૂઆત પછી સરકારે સુપ્રિમ કોર્ટમાં જવાની ફરજ પડી હતી. ગુજરાતની સરકાર કેટલી ભ્રષ્ટ છે તેનું સૌથી મોટુ પ્રમાણ છે.

સુપ્રિમ કોર્ટ સમક્ષ એસ્સાર કંપની હારી જતાં ગુજરાતને ૯,૧૦૦ કરોડ રૂપિયા જેટલો ફાયદો થયો. ગુજરાત સરકારે એસ્સાર કંપની સાથે મીલીભગત કરીને નામદાર હાઈકોર્ટ સમક્ષ સત્ય હકીકતોની રજૂઆત નહીં કરતાં એસ્સાર કંપની હાઈકોર્ટમાં કેસ જીતી ગઈ હતી. સરકાર અને એસ્સાર કંપનીની મીલીભગતને કોંગ્રેસ વિધાનસભા પક્ષ દ્વારા બજેટ સત્રમાં ખુલ્લી પાડવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે નામદાર હાઈકોર્ટના તમામ કાગળો વિધાનસભામાં રજૂ કરીને રાજ્ય સરકારને ફરજ પાડી હતી કે, રાજ્ય સરકારે સુપ્રિમ કોર્ટ સમક્ષ અપીલ કરવી જોઈએ અને હાઈકોર્ટ સમક્ષ સરકારની તરફેણના જે મુદ્દાઓ રાજ્ય સરકારે ઉઠાવ્યા નથી તે ઉઠાવવા જોઈએ. એસ્સાર કંપનીએ જે સ્કીમ નીચે વધારાના લાભો માંગ્યા હતાં તે મળવાપાત્ર જ નથી, તે અંગેની રાજ્ય સરકારની પોલીસીના પરિપત્રને ટાંકીને શ્રી ગોહિલે વિધાનસભામાં વિગતવાર રજૂઆત કરી હતી. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓએ સરકાર પાસેથી એ વાતની ખાતરી માંગી હતી કે, સરકાર સુપ્રિમ કોર્ટમાં તાત્કાલિક અપીલ કરશે અને વિરોધપક્ષના

નેતાએ જે મુદ્દાઓ ઉઠાવેલા છે તે તમામ રાજ્ય સરકારની અપીલમાં આવરી લેવામાં આવશે. કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓના સતત સૂત્રોચ્ચાર અને દબાણ બાદ સરકારે ખાતરી આપી હતી કે, સરકાર નામદાર સુપ્રિમ કોર્ટ પાસે અપીલમાં જશે અને સરકારના તરફેણના તમામ મુદ્દાઓ સુપ્રિમ કોર્ટ પાસે રજૂઆત કરવામાં આવશે. સરકારની અપીલ બાદ આજે નામદાર સુપ્રિમ કોર્ટે એસ્સાર કંપની વિરુદ્ધ હુકમ કર્યો છે. હાઈકોર્ટમાં એસ્સાર કંપનીની તરફેણમાં થયેલાં હુકમને સુપ્રિમ કોર્ટે રદ કરેલો છે, જેથી હવે એસ્સાર કંપનીએ અંદાજીત ૯,૧૦૦ કરોડ રૂપિયા ભરવા પડશે. કોંગ્રેસ પક્ષના જાગૃત રચનાત્મક અભિગમથી રાજ્ય સરકારની તિજોરીને ૯,૧૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થયેલો છે.

એસ્સાર કંપનીએ પ્રોત્સાહક પોલીસી નીચે હાઈકોર્ટ સમક્ષ જે લાભો માંગ્યા હતાં તે રાજ્ય સરકારની પોલીસી મુજબ મળવાપાત્ર જ ન હતાં. કમનસીબે રાજ્ય સરકારે યોગ્ય રીતે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત જ કરી ન હતી. આમ એસ્સાર કંપની અને રાજ્ય સરકારની મીલીભગતથી એસ્સાર કંપની ૯,૧૦૦ કરોડ રૂપિયાનો ફાયદો મેળવી જવા માંગતી હતી. એસ્સાર કંપની અને રાજ્ય સરકારની મીલી ભગતની જાણ કોંગ્રેસ પક્ષને થઈ જતાં કોંગ્રેસ પક્ષ તરફથી સમગ્ર હકીકતોનો વિધાનસભામાં પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને તેથી ન છૂટકે રાજ્ય સરકારે સુપ્રિમ કોર્ટ સમક્ષ અપીલ કરવી પડી હતી. પ્રથમ દ્રષ્ટિએ જ એસ્સાર કંપનીની વાત અયોગ્ય હોવાથી સુપ્રિમ કોર્ટમાં સત્યનો વિજય થયો છે અને રાજ્ય સરકારની તિજોરીને ૯,૧૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ